આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- વિરલ રાણા

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:૨૯-૧૦-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## પ્રધાનમંત્રી-શિલાન્યાસ-નિમણુંક પત્રો એનાયત

પ્રધાનમંત્રી આજે ધન્વન્તરિ જયંતિ અને 9 માં આયુર્વેદ દિવસનાં પ્રસંગે 12,850 કરોડ રૂપિયાથી વધારેનાં મૂલ્યનાં સ્વાસ્થ્ય ક્ષેત્ર સાથે સંબંધિત વિવિધ યોજનાઓનો શુભારંભ, ઉદઘાટન અને શિલાન્યાસ કરશે.

તેમજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગોમાં 51 હજારથી વધુ નવનિયુક્ત યુવાનોને નિમણૂક પત્રોનું વિતરણ કરશે. આ સંદર્ભે દેશભરમાં 40 સ્થળોએ રોજગાર મેળાનું આયોજન કરવામાં આવશે.

**(AIR NEWS/વિરલ રાણા)**

---

## PM-અમરેલી-વિકાસ પ્રોજેક્ટ શિલાન્યાસ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે અમરેલી ખાતે આશરે 4,900 કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યું હતું. પ્રધાનમંત્રીએ અમરેલી જિલ્લાના દુધાળા ગામમાં જળ સંરક્ષણ પહેલ, ભારત માતા સરોવરનું પણ ઉદ્ઘાટન કર્યું હતું, જે પીપીપી મોડલ પર ધોળકિયા ફાઉન્ડેશન અને ગુજરાત સરકાર દ્વારા સંયુક્ત સાહસ છે.

એક સભાને સંબોધતા પ્રધામંત્રીએ જણાવ્યું હતું કે આ શરૂ કરાયેલા રોડ, રેલ્વે, પાણી પુરવઠા અને પ્રવાસનને લગતા પ્રોજેક્ટોથી રાજ્યના સૌરાષ્ટ્ર, કચ્છ, જૂનાગઢ, પોરબંદર અને બોટાદ જિલ્લાના નાગરિકોને નોંધપાત્ર લાભ થશે. તેમણે

જળ સંરક્ષણ માટે સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. પ્રોજેક્ટ પૈકી, નાવડા-થી-ચાવંડ પાઈપલાઈન 1,200 થી વધુ ગામોને 28 કરોડ લિટર પાણી પૂરું પાડશે, જેનાથી લગભગ 67 લાખ લોકોને ફાયદો થશે.

આ ઉપરાંત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લગભગ 1,100 કરોડ રૂપિયાના ખર્ચે બનેલ ભુજ-નલિયા રેલ ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત કર્યો હતો.. પશ્ચિમ રેલવેના ચીફ પબ્લિક રિલેશન ઓફિસર વિનીત અભિષેકે જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ કચ્છ વિસ્તારમાં પરિવહન સસ્તું બનશે અને આર્થિક પ્રવૃત્તિને વેગ મળશે. આ પ્રોજેક્ટ્માં 24 મોટાં પુલ, 254 નાના પુલ, ત્રણ રોડ ઓવરબ્રિજ અને 30 રોડ અન્ડરબ્રિજનો સમાવેશ થાય છે.

**(AIR NEWS/વિરલ રાણા)**

---

## AGD-આકાશવાણી

કેન્દ્ર સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના અધિક નિદેશક ડોક્ટર દિપાલી શર્માએ ગઈકાલે ગુજરાતમાં આવેલા માહિતી અને પ્રસારણ મંત્રાલયના કાર્યાલયોની મુલાકાત લીધી અને એક પેડ માં કે નામ અને સ્વચ્છતા વિશેષ અભિયાનના ચોથા ચરણની કામગીરીની સમીક્ષા કરી.

તેમણે આકાશવાણી અમદાવાદ કેન્દ્રના સમાચાર સહિતના તમામ વિભાગોની મુલાકાત લીધી હતી તેમજ સ્ટેશન ડાયરેક્ટર એન.એલ.ચૌહાણ સાથે તેમણે સ્વચ્છતાની કામગીરી અંગેનુ નિરક્ષણ કરીને જાત માહિતી મેળવી હતી.

તેમણે આકાશવાણી ઉપરાંત દૂરદર્શન કેન્દ્ર અને પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરોની પણ મુલાકાત લીધી હતી અને સ્વચ્છતા નિરીક્ષણ કર્યું હતું. ત્યાર બાદ તેમણે આકાશવાણી અમદાવાદ ખાતે એફ એમ કેન્દ્રોના વડાઓ સાથે બેઠક કરી.

**(RNU અમદાવાદ/વિરલ રાણા)**

---

## દીપોત્સવી પંચપર્વ આરંભ

આજે વાઘ બારસ અને ધન તેરસનાં પર્વ સાથે દીપોત્સવીનાં પંચ પર્વ ની ઉજવણીનો આરંભ થયો છે. આજે સવારે સૂર્યનાં કિરણો રેલાય તે પહેલા જ નોબતનાં નાદ અને આરતી સાથે રોશની થી ઝગમગતા દેવ મંદિરોમાં મંગળા આરતીથી વાતાવરણ ગાજતું થયું છે. મોટી સંખ્યા માં ભાવિકો દર્શનાર્થે ઉમટ્યા છે.

ભુજમાં સ્વામી નારાયણ, આશાપુરા, હાટકેશ્વર, સોમનાથ, ધિંગેશ્વર, કલ્યાણસ્વર, સત્ય નારાયણ વિગેરે મંદિરોમાં દિવાળીપર્વમાં મંગળા આરતી થાય છે. અંજારમાં મધવરાય અને મુંદ્રા, માંડવી, લખપતનાં હાટકેશ્વર વિગેરે મંદિરોમાં મંગળા આરતી થાય છે. ગઈ મોડીરાત સુધી ખરીદી માટે લોકોની ભીડ જોવા મળી હતી.

આજે ધનતેરસનાં આયુર્વેદનાં દેવતા ધન્વંતરિ ભગવાનનાં પૂજનનો મહિમા છે. તો આજે લોકો શુકન પુરતી સોના ચાંદીની ખરીદી કરે છે.

**(RNU અમદાવાદ/વિરલ રાણા)**

---

## GPSC નવા અધ્યક્ષ

ગુજરાત જાહેર સેવા કમિશન (GPSC)ના નવા અધ્યક્ષ તરીકે IPS અધિકારી હસમુખ પટેલની નિમણૂક કરવામાં આવી છે. રાજ્ય સરકારના સમાન્ય વહીવટ વિભાગ દ્વારા આ અંગેનો આદેશ જાહેર કર્યો છે. IPS કેડરના અધિકારી હસમુખ પટેલ આગામી સમયમાં GPSCના અધ્યક્ષ તરીકેનો કાર્યભાળ સંભાળશે. તેમની નિમણૂક થતાં GPSCને નવું નેતૃત્વ મળશે, જેઓ રાજ્યની વિવિધ સરકારી ભરતીઓ અને પરીક્ષાઓના સંચાલનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

**(NP/વિરલ રાણા)**

---

## સામખિયાળી માદક પદાર્થ ઝડપાયો

પૂર્વ કચ્છના સામખિયાળી ધોરીમાર્ગ પરથી એસઓજીએ ગઈકાલે પંજાબના એક શખ્સને 47.830 ગ્રામ હેરોઇનના જથ્થા સાથે ઝડપી લેવામાં  આવ્યો છે. 23 લાખ 91 હજાર 500 રૂપિયાની કિંમતના માદક પદાર્થના જથ્થાને કચ્છમાં ક્યાં અને કોણે હવાલે કરવા સહિતના પ્રશ્ને પોલીસ વિભાગે આગળ તપાસ આરંભી છે.

**(NP/વિરલ રાણા)**

-----------------------------------------------------------------------

## હવામાન

આસો માસ અંત ભણી છે તેવામાં વૈશાખ પરત ફર્યો હોય તે કચ્છમાં છેલ્લા કેટલાક દિવસથી કાળઝાળ ગરમી પડી રહી છે. ગઈકાલે ભુજમાં પારો 40.6 ડિગ્રીએ પહોંચતાં આભમાંથી અંગારા ઓકતી હોય તેવી ગરમી અનુભવાઇ હતી. ચાલુ સપ્તાહના અંત સુધી ગરમીમાં કોઇ રાહત નહીં રહે તેવું પૂર્વાનુમાન હવામાન વિભાગે દર્શાવ્યું છે.

**(NP/વિરલ રાણા)**

-----------------------------------------------------------------------